ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૫

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!



## શૌર્ય, શિક્ષણ અને સમભાવથી જાણીતું

# સુરાશામળ

## નવલોહિયા બે સગાભાઈની શુરવીરતા અને શહીદીની સ્મૃતિમાં પૌરાણિક કાળથી ગામનું નામ સુરાશામળ પ્રચલિત થયેલું છે

ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના સુરાશામળ ગામની લોકકથા વયોવૃદ્ધ વડીલો સાથે ચર્ચા દરમિયાન જાણવા મળે છે. લોકચર્ચા દરમિયાન મળતી જાણકારી મુજબ અંદાજે પાંચસો વર્ષ અગાઉના સમયમાં ઘણા પંથકમાં ધાડપાડુઓ, બહારવટિયાઓની ઠેર ઠેર રંજાડ અને લુંટફાટ થતી હતી. આવી કપરી સ્થિતિમાં બે નવલોહિયા સગાભાઈઓ સુરા અને શામળ દ્વારા પોતાના વતન વિસ્તાર , ગામને લુંટાતુ બચાવવા જંગ કરાયો હતો. જંગમાં બન્ને ભાઈઓએ વહોરેલી શહીદીને વર્ષોના વહાણાં વીતી ગયા પરંતુ પેઢીઓથી લોકોની સ્મૃતિમાં છે. આ બન્ને સગાભાઈની શહીદીથી ગામનું સુરાશામળ પ્રચલિત થયું છે.

સુરા અને શામળ નામના બે ક્ષત્રિય ભાઈઓના નામ ઉપરથી ગામનું નામ સુરાશામળ રાખવામાં આવ્યું હતું . આ વિસ્તારમાં વસવાટ કરતા લોકોને ધાડપાડુઓ દ્વારા લૂંટી લેવામાં આવતા હતા . ઘાતક હથિયારો સાથે ગામડાની ગરીબ પ્રજા ઉપર ત્રાસ ગુજારી ધાડ પાડવામાં આવતી હતી. આવા સમયે પ્રજાનું અને પોતાના ગામનું રખોપુ કરવાની બે સગા ભાઈઓએ હામ ભીડી હતી. ક્ષત્રિય વિર ભાથીજી મહારાજે ગાયો રક્ષણ માટે પોતાના દેહનું બલિદાન આપ્યું હતું તેવી જ રીતે આ બે ક્ષત્રિય ભાઈઓ દ્વારા પોતાના ગામની આબરૂ બચાવવા બલિદાન આપ્યું હતું. વર્તમાન સમયમાં પણ ગ્રામજનોના મુખે



**ગામના સીમાડામાં ગોપીતળાવ વિસ્તારમાં લૂંટારુઓ સાથે લડતા લડતા બંને નરબંકા શહીદ થયા હતા**

શોર્યગાથા સાંભળવા મળે છે. બે ભાઈઓ પોતાની તલવારો સાથે ધાડપાડુઓનો સામનો કરવા માટે નીકળી પડ્યા હતા અને ધાડપાડુઓ સાથે ભારે સંઘર્ષભર્યો જંગ ખેલીને સુરા અને શામળે ધાડપાડુઓને પોતાના ગામથી ભગાડી દીધા હતા અને તેમનો પીછો કરી ગામના સિમાડાથી દસ ગાઉ દૂર આવેલા ઉંદરા ગામના સીમાડામાં ગોપીતળાવ વિસ્તારમાં લૂંટારુઓ સાથે લડતા લડતા બંને નરબંકા શહીદ થયા હતા. ત્યારે શહીદ થયેલા બંને ભાઈઓના મૃતદેહ ઉંદરા નજીક મળી આવ્યા હતા જ્યાં ગ્રામજનોએ




બંનેની યાદમાં પાળીયા બનાવ્યા હતા અને પોતાના ગામનું નામ તેમની શૌર્યગાથાને આવનાર પેઢી યાદ રાખે તેમાટે સુરાશામળ રાખવામાં આવ્યું હતું.

ખેડા જિલ્લાના આવા બે શહીદ વીર ભાઈઓના પાળીયા મહુધા થી ઉંદરા ગામના બ્રિજ ઉતરીને ડાબે રસ્તે ગોપીતળાવ મુવાડીની પ્રાથમિક શાળા પાસે પાળિયા આવેલા છે. સુરાશામળ ગ્રામજનો વર્તમાન સમયમાં પણ પાળિયાની પૂજા કરવાનું ચુકતા નથી. પોતાના દેશ ગામ સમાજ માટે કરેલા પરોપકારી કામો લોકો હંમેશા યાદ રાખે છે.

## સુરાશામળ ગામના રામદેવજી મંડળે આખ્યાન અને ભજન દ્વારા પરંપરાગત લોકકલા જાળવી રાખી છે

ભવાઈ આખ્યાન કઠ પુતળી જેવી સાંસ્કૃતિક કલાનો વારસો આધુનિક યુગમાં વિલુપ્ત થવાના આરે છે. ત્યારે નડિયાદ તાલુકાના સુરશામળગામ તેમજ મહુડીયાપુરામાં શ્રી રામદેવજી મંડળના આખ્યાને આ વિસરાતી કલાઓની પરંપરા જાળવી રાખી છે. મંડળના કલાકારોએ ગ્રામીણ વિસ્તારોમાં પરંપરાગત મનોરંજનનું મહત્વ જળવાઈ રહે તે માટે આખ્યાન કલાને જીવંત રાખી છે. શિયાળાની ઋતુમાં ગામડાંઓમાં આખ્યાન, ભવાઈ, નટ-બજાણિયાના ખેલ, કઠપૂતળીના ખેલ અને મદારીના કાર્યક્રમો લોકમનોરંજનનું મુખ્ય માધ્યમ હતા. આ કલાકારો મનોરંજન સાથે ધાર્મિક અને ઐતિહાસિક જ્ઞાન પણ પીરસતા હતા. સુરાશામળ ગામમાં રામદેવજી આખ્યાન મંડળી તેના હાઉસફૂલ શો માટે પ્રખ્યાત હતી, જેમાં સ્ત્રી પાત્રો માટે પણ પુરુષ કલાકારો રહેતાં, આખ્યાનમાં સ્ત્રી પાત્રો પુરુષો ભજવતા હતા. આધુનિક મનોરંજનના માધ્યમોના કારણે આ પરંપરાગત કલાઓ લુપ્ત થવાના આરે છે. ભવાઈ જેવી કલા માત્ર સરકારી કાર્યક્રમો પૂરતી સીમિત થઈ ગઈ છે. સુરાશામળ ગામની શ્રી રામદેવજી આખ્યાન મંડળી દ્વારા નડિયાદ તાલુકાના 25 કરતા વધુ ગામોમાં શ્રી રામદેવજી



**સુરાશામળના કલાકારો મનોરંજન સાથે ધાર્મિક અને ઐતિહાસિક જ્ઞાન પણ પીરસે છે**

મહારાજના આખ્યાન ઉપરાંત ભજનોના કાર્યક્રમો દ્વારા ખુબ જ લોકપ્રિય બનેલ છે. રાજસ્થાની કલાકારોની કઠપૂતળી કલા અને મદારીના ખેલ જેવી કલાઓ તો લગભગ અદ્રશ્ય થઈ ગઈ છે. આ કલાઓમાં હાસ્ય, ભય, શૃંગાર, વીર અને કરુણ રસનો અદ્ભુત સમન્વય જોવા મળતો, જેનાથી આજની પેઢી વંચિત રહી છે.

સુરાશામળગામના શ્રી રામદેવજી મહારાજ આખ્યાન મંડળીના સંચાલકના જણાવ્યા મુજબ સરકારના મનોરંજન વિભાગ દ્વારા આ લુપ્ત થતી કલાઓને પુનર્જીવિત કરવા અને તેમને પ્રોત્સાહન આપવા માટે વિશેષ પ્રયાસોની આવશ્યકતા છે, જેથી આવનારી પેઢીઓ માટે આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને જીવંત રાખી શકાય.



## સુરાશામળ ટાઉન ટોક

### સુરાશામળ ગામનો પરિચય

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1415 |
| કુલ વસ્તી | 6883 |
| કુલ પુરૂષો | 3559 |
| કુલ સ્ત્રીઓ | 3324 |

### સાક્ષરતા દર

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 84.45 |
| પુરૂષ સાક્ષરતા દર | 94.72 |
| સ્ત્રી સાક્ષરતા દર | 73.48 |

### ખેડૂતો

| | |
|---|---|
| ખેડૂતો | 367 |
| ખેત મજૂર | 1924 |
| સીમાંત વર્ગ | 341 |

### બીપીએલ

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 217 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 828 |

### પશુધન

| | |
|---|---|
| પશુધન | 2720 |
| ગાય | 442 |
| ભેંસ | 2098 |
| અન્ય | 180 |

### જમીન ક્ષેત્રફળ

830 હેક્ટર 86 આરે 19 ચો. મી.
ગૌચર 17 હેક્ટર 70 આરે 52 ચો.મી.

### વાવેતર વિસ્તાર

694 હેક્ટર 94 આરે 83 ચો.મી.

### સિંચાઈ વ્યવસ્થા

મુખ્ય સ્ત્રોત :

| | |
|---|---|
| નહેર | 498 હેક્ટર 95 આરે 00 ચો.મી |
| કુવા | 195 હેક્ટર 99 આરે 83 ચો.મી. |

### શૈક્ષણિક સગવડ

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 04 |
| માધ્યમિક શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 930 |
| આંગણવાડી | 08 |

### આરોગ્ય સુવિધા

| | |
|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | 01 |

### વીજળીકરણ

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1123 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 03 |
| ખેતી વિષયક જોડાણ | 36 |

### એલપીજી ગેસ વ્યવસ્થા

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 467 |

### સખી , સ્વસહાય જુથ

| | |
|---|---|
| સખી મંડળોની સંખ્યા | 54 |
| સ્વસહાય જુથ | 00 |
| જોબ કાર્ડ પરિવાર | 248 |

### રસ્તાની સુવિધા

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### યોજનાકીય લાભાર્થીઓ

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 11 |
| વિધવા સહાય | 16 |
| સ્વાસ્થ્ય વિમા | 602 |